RIGHT TO INFORMATION

अपील અરજી નં. ૫૯૩ તા.૨૭–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકત:–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૯–૧૨–૧૧ની અરજીથી વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પાસે ઊભા કરેલ હરીયાણા હેન્ડલુમ નામક ટેમ્પરરી સ્ટ્રકચર બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે ઊભું કરવામાં આવેલ "હરીયાણા હેન્ડલુમ" નામક સ્ટ્રકચરને કઈ કઈ શરતોને આધીન તથા કેટલા દિવસ માટે પરમીશન આપેલ છે તેની પરમીશન પત્ર(શરતો સહિત)ની નકલ સહિતની વિગતો આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૯–૧૨–૧૧ની અરજીથી વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પાસે ઊભા કરેલ હરીયાણા હેન્ડલુમ નામક ટેમ્પરરી સ્ટ્રકચર બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે ઊભું કરવામાં આવેલ " હરીયાણા હેન્ડલુમ" નામક સ્ટ્રકચરને કઈ કઈ શરતોને આધીન તથા કેટલા દિવસ માટે પરમીશન આપેલ છે તેની પરમીશન પત્ર(શરતો સહિત)ની નકલ સહિતની વિગતો આપશો મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) આરટીઆઈ/ આ.૧૧૬૪ તા. ૧૯–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વ**ધુમાં અરજદારે મુદ્દા નં.(૧)થી (૫)માં નકલો સહિત માહિતી માંગેલ હોવા છતાં તેમના દ્રારા મુદ્દત વીત્યા બાદ નાણાં ભરવા પાઠવેલ પત્ર અંગે કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) અને ૭(૬) સાથે સુસંગતતા ચકાસી તેમનો પક્ષ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૫ તા.૬–૨–૧૨ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલમાનાં ગોળ–ગોળ જવાબ આપી અરજદારને ગેરમાર્ગે દોરતા હોવાના દાવા અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા. ૧૯–૧૨–૧૧ થી અરજીથી વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ પાસે ઊભા કરેલ હરીયાણા હેન્ડલુમ નામક ટેમ્પરરી સ્ટ્રકચરબાબતે અઠવાઝોન વિભાગને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૬૪ તા.૧૯–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે ઊભું કરવામાં આવેલ " હરીયાણા હેન્ડલુમ" નામક સ્ટ્રકચરને કઈ કઈ શરતોને આધીન તથા કેટલા દિવસ માટે પરમીશન આપેલ છે તેની પરમીશન પત્ર(શરતો સહિત)ની નકલ સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૨) આ ટેમ્પરરી સ્ટ્રકચરની મંજુરી માટે મિલ્કતધારક ધ્વારા તમારા વિભાગમાં રજૂ કરાયેલ ડોકયુમેન્ટની નકલો આપશો. મુદ્દા નં.(૩) આ ટેમ્પરરી સ્ટ્રકચરની મંજુરી આપના વિભાગ ધ્વારા જેટલીવાર રીન્યુ કરવામાં આવી હોય તેની નકલ સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૪) આ સ્ટ્રકચર ધારક પાસેથી આપના વિભાગે અત્યાર સુધીમાં જેટલી રકમ વસુલ કરી હોય તેની પાવતીની નકલો સહિત વિગતો આપશો. મુદ્દા નં.(૫) આ ટેમ્પરરી સ્ટ્રકચર ધારક પાસેથી કોમર્શીયલ હેતુસરના વપરાશ બદલ

આપની કચેરીના આકારણી વિભાગે અત્યાર સુધીમાં કેટલી રકમ વસુલ કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૬) કોઈ પણ જગ્યાએ ટેમ્પરરી સ્ટ્રકચર ઉભું કરવાનું હોય તો તેના માટે નિયમોનુસાર વધુમાં વધુ કેટલા દિવસ સુધીની મંજુરી આપવામાં આવે છે. તેની વિગત આપશો. તથા આ મંજુરી વધુમાં વધુ કેટલી વાર રીન્યુ કરી શકાય તેની વિગતો આપશો. જેમાં અરજદારને આકારણીના રેકર્ડના માહિતી માટે પાના નંગ–૫૭ નકલ દીઠ રૂા.૨/– લેખે રૂા.૧૧૪/– ભરી માહિતી મેળવવા પણ જણાવેલ. જે અંગે અરજદાર. માહિતી ૩૦ દિવસ બાદ મોકલવામાં આવેલ છે . વધુમાં માંગેલ માહિતી દરેક મુદ્દાઓમાં નકલો માંગેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી ગોળ ગોળ જવાબ આપી ગેરમાર્ગે દોરનાર હોવાથી માંગેલ માહિતીની નકલો વિના મૂલ્યે પૂરી પાડવાની રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી અપીલના સંદર્ભે પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે એકેય પક્ષકાર તરફથી કોઈ પણ પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ માહિતી આપતા પત્રમાં નાણા ભરવાનો પ્રસ્તાવ કરેલ છે. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) અને ૭(૬) સાથે સુસંગતતા ચકાસી તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ અરજદારને સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી ધ્વારા દસ્તાવેજ ફી ભરવા પ્રસ્તાવ કરેલ હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૭–૧–૧૨ ધ્યાને લેતાં ૨૫–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે નાણા ભરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ સમય અવધિ બાદ કરેલ હોય નહીં પૂરી પડાયેલ માહિતીની દફતર ઉપલબ્ધ વિગતો નકલો સહિત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ